GJSK020236072025

सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| કેસ દાખલ તારીખ | ૦૮/૧૦/૨૦૨૫ | | |
| કેસ નોંધણી તારીખ | ૦૮/૧૦/૨૦૨૫ | | |
| કેસ ફેસલની તારીખ | ૧૮/૦૭/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિન |
| | ૦૦ | ૦૯ | ૧૦ |

**મે.બીજા એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ(શ્રી કે.એન.દવે ) સાહેબની કોર્ટમાં,મુ.હિંમતનગર**

**ફોજદારી કેસ નં. ૧૯૭૨૯/૨૦૨૫**

**આંક. ૧૫**

**ફરીયાદી :** **શ્રી સરકાર**

વિરુધ્ધ

**આરોપી:** જીયામીયા યાસીનમીયા દાંણી,ઉ.વ.૩૭,
હાલ રહે. પરબડા ખલવાડ, તા.હિંમતનગર,જી.સાબરકાઠા.

મુળ રહે.હરસોલ કસ્બા દાણીવાડા,તા.તલોદ,જી.સાબરકાંઠા.

**ગુનો:–ભારતીય ન્યાય સંહીતા (૨૦૨૩)ની કલમ – ૧૧૫(૨),૮૫,૩૫૧(૩),૩૫૨ મુજબ.**

---

**ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી આર.બી.પટેલ.**
**આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રી પી.એચ.પંડયા.**

---

**::ચુકાદો::**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી સાથે ફરીયાદીના લગ્ન જીવન શરૂઆત તા.૨૪/૦૫/૨૦૧૨ ના સાતેક માસ બાદથી તા.૧૦/૦૭/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન મોજે પરબડા ખલવાડ ખાતે (સાસરીમાં) આરોપી કોઇ કામધંધો કરતા ના હોઈ જેથી ફરીયાદી કામધંધો કરવા બાબતે તેમજ બાળકોનુ ભરણપોષણ કરવા બાબતે આરોપીને કહેતા ત્યારે આરોપી ફરીયાદી બેન સાથે બોલાચાલી કરી અવાર નવાર મારઝુડ કરી તેમજ ખરાબ ખરાબ બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ફરીયાદીને અવાર નવાર શારિરિક માનસીક ત્રાસ આપી ગુનો કરેલ.જેથી સદર ગુના બાબતની વિગતવારની ફરીયાદ ફરીયાદીએ સંબંધીત પો.સ્ટે.માં આપતાં, પોલીસે ગુનો રજીસ્ટર્ડ કરી, સદર ગુનાની તપાસ કરી, તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, પંચો રૂબરુ પંચનામા કરી, આરોપીને અટક કરી તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જાણતા

અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરેલ.

**(૨)** ત્યારબાદ, તપાસ કરનાર અધિકારીએ આ ગુન્હાના કામે તપાસ કરતા, આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા, તેમના વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરેલ અને ચાર્જશીટ દાખલ થયા બાદ આરોપીને સમન્સ કાઢતા આરોપી હાજર થતા તેઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે આપવામાં આવેલી. ત્યારબાદ આરોપી સામે **આંક-૪** થી તહોમતનામુ ફરમાવી, **આંક-૦૫** થી આરોપીની પ્લી નોંધતા, તેઓએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરતા, કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

**(૩)** ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ ગુન્હો પુરવાર કરવા નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**-:મૌખિક પુરાવો:-**

| **અનું.નં.** | **નામ** | **આંક** |
|---|---|---|
| **૧.** | ફરીયાદી-આસીયાનાબાનુ જીવાભાઇ દાણીની જુબાની | ૧૦ |

**-:દસ્તાવેજી પુરાવા:-**

| **અનું.નં.** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદની ખરી નકલ | ૧૧ |
| ૨. | ગુનાવાળી જગ્યાનુ પંચનામાની ખરી નકલ | ૧૨ |

**(૪)** ત્યારબાદ, ફરિયાદપક્ષે **આંક–૧૪** થી પુરાવો પુરો થયાની કલોઝીંગ પુરસીસ રજુ કરી, તેઓને હવે વધુ કોઈ પુરાવો આપવો નથી તેવું જાહેર કરેલ છે. ત્યારબાદ સદર કામે આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૫૧ હેઠળ વિશેષ નિવેદન લેવા લાયક  પુરાવો ન હોય, જેથી આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ, બંને પક્ષની દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૫)** ઉપરોકત હકીકતે તથા પડેલ પુરાવો લક્ષમાં લેતા આ કેસનાં નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–::મુદાઓ::–**

૧) શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર રહીને એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપી સાથે ફરીયાદીના લગ્ન જીવન શરૂઆત તા.૨૪/૦૫/૨૦૧૨ ના સાતેક માસ બાદથી તા.૧૦/૦૭/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન મોજે પરબડા ખલવાડ ખાતે (સાસરીમાં) આરોપી કોઇ કામધંધો કરતા ના હોઈ જેથી ફરીયાદી કામધંધો કરવા બાબતે તેમજ બાળકોનુ ભરણપોષણ કરવા બાબતે આરોપીને કહેતા ત્યારે આરોપી ફરીયાદી બેન સાથે બોલાચાલી કરી અવાર નવાર મારઝુડ કરી તેમજ ખરાબ ખરાબ બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ફરીયાદીને અવાર નવાર શારિરિક માનસીક ત્રાસ આપી ગુનો કરેલ.જેથી ફરીયાદીએ હિંમતનગર

બી.ડીવીઝન પો.સ્ટે.માં સદર બનાવની ફરીયાદ આપતાં, સદર ફરીયાદને હિંમતનગર બી.ડીવીઝન ગુના રજી.નં.૧૧૨૦૯૦૫૬૨૪૦૮૪૦/૨૦૨૫ થી નોધી,આરોપીઓ વિરુધ્ધ **ભારતીય ન્યાય સંહિતા (૨૦૨૩)ની કલમ–૧૧૫(૨),૮૫,૩૫૧(૩),૩૫૨** મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આ અદાલતની હકુમતમાં કરેલ છે?

**૨)** શું હુકમ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓ અંગેના આ અદાલતનાં નિર્ણયો અને કારણો નીચે મુજબના છે.

૧) નકારમાં

૨) આખરી હુકમ મુજબ.

**–::કા ર ણો::–**

**મુદ્દા નંબર: ૧ ની ચર્ચા::**

**(૭)** સદર મુદ્દાની સાબીતીનો બોજો ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ – ૧૦૪ થી ૧૦૬ મુજબ ફરીયાદપક્ષ પર હોય ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં રજુ મૌખિક પુરાવો બચાવપક્ષની ઉલટતપાસ સહીત ધ્યાને લેતા તથા દસ્તાવેજી પુરાવો તથા બંને પક્ષે રજુ દલીલો ધ્યાને લેતાં ફરીયાદ પક્ષે તેઓના કેસના સમર્થનમાં **આંક–૧૦** થી ફરીયાદી **આસીયાનાબાનુ જીવાભાઇ** દાણીને તપાસવામાં આવેલ છે તેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, તેઓના લગ્ન આ

કાનમના આરોપી જીવામીયા યાસીનમીયા દાણી, રહે.પરબડા વાળાઓ સાથે સને–૨૦૧૨ ની સાલમાં થયેલ. લગ્ન બાદ તેઓ તેઓની સાસરીમાં રહેવા ગયેલ. તેઓના લગ્ન જીવનથી ૨ દીકરી અને ૧ દીકરાનો જન્મ થયેલ છે. લગ્ન કરીને તેઓ સાસરીમાં ગયેલ ત્યારે તેઓના પતિ પાસે કોઈ કામધંધો ન હોય તેઓ તેમને કામધંધો કરી કમાવવાનુ કહેતા તો તેઓને ગમતુ નહી અને તેઓની વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી. આ બાબતની વાત તેઓને તેઓના માતા પિતાને કરેલી તો તેઓના માતા પિતાએ તેમને બોલીને કામધંધો કરવા સમજાવેલા અને તેઓને સાસરીમાં રહેવાનુ જણાવેલ. તેઓ સાસરીમાં રહેતી પરંતુ તેઓના પતિ કામધંધો કરતા ન હોય તેઓને અને તેઓના પતિને અવાર નવાર સામાન્ય બાબતોમાં બોલાચાલી થતી હતી આ બોલાચાલી ઘણા સમય સુધી ચાલેલી અને છેલ્લે તેઓને એવુ લાગેલ કે તેઓના પતિ કોઈ કામધંધો કરતા નથી જેથી તેઓનુ ઘર ચલાવવામાં મુશ્કેલી પડેશે તેવુ જાણતા તેઓ આજથી આશરે એકાદ વર્ષ પહેલા તેઓના પીયરમાં આવતી રહેલ એન આ બનાવની તેઓના માતા પિતાને વાત કરેલ અને તા.૧૮/૯/૨૫ ના રોજ પોલીસ રૂબરુ ફરીયાદ આપેલ. તેઓને આંક–૧૧ થી રજુ ફરીયાદ બતાવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. સદર ફરીયાદી સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સંપુર્ણ સમર્થન કરતાં ન હોય ફરીયાદપક્ષ તરફે સદરહુ સાહેદને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરેલ છે પરંતુ સદર સાહેદની ઉલટતપાસ થકી ફરીયાદપક્ષના કેસને સમર્થન સાંપડે તેવી કોઈ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ તેમાં તેઓએ સ્વીકારેલ છે કે, બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલી અને તેઓને કોઈ ઈજા થયેલ નહી. વધુમાં સ્વીકારેલ છે કે, તેઓ તૌના પતિના ઘરે શાંતિપુર્વક રહે છે. વધુમાં સ્વીકારેલ છે કે, ફરીયાદ લખાવવા ગયા ત્યારે

તેઓની સાથે ઘણા બધા માણસો હતા.

**(૮) આ કામના આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહીતાની કલમ– ૮૫,૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), મુજબના ગુનાનો આક્ષેપ છે.**

આરોપી સામે આક્ષેપાયેલ ગુના પૈકી **ભારતીય ન્યાય સંહીતાની કલમ – ૧૧૫(૨)** ધ્યાને લેવામાં આવે તો, જયારે કોઈ વ્યકિત સ્વેચ્છાપૂર્વક વ્યથા કરે તો તેને એક વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દસ હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંન્ને શિક્ષા કરવાની જોગવાઈ આ કલમમાં કરવામાં આવેલ છે. સ્વેચ્છાપુર્વકની વ્યથા કોને કહેવાય તેની જોગવાઈ **ભારતીય ન્યાય સંહીતાની કલમ – ૧૧૫(૧)** માં કરવામાં આવેલ છે. તેમજ વ્યથા કોને કહેવાય તેની જોગવાઈ **ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૧૪** માં કરવામાં આવેલ છે.જે જોગવાઈઓ પણ ધ્યાને લીધેલ છે.

વધુમાં આરોપી સામે આક્ષેપાયેલ ગુના પૈકી **ભારતીય ન્યાય સંહિતાની કલમ–૮૫** ધ્યાને લેવામાં આવે તો કોઈ વ્યક્તિના પતિ અથવા પતિના સગાએ તેણી સાથે કુરતા આચરે ત્યારે ત્રણ વર્ષની મુદતની કેદ તથા દંડની સજાની જોગવાઈ છે. ક્રુરતા કોને કહેવાય તેની વ્યાખ્યા આ જ કાયદાની કલમ–૮૬ માં આપવામાં આવેલ છે. તે મુજબ આરોપીનું તેવું ઈરાદાપૂર્વકનુ વર્તન કે જે તે સ્ત્રીને આત્મહત્યા કરવા પ્રેરે અથવા પોતાની જાતને ગંભીર ઈજાઓ પહોંચાડે કે જી દગી, શરીરના કોઈ અવયવ કે માનસિક શારીરીક આરોગ્યને ભયમાં મૂકવા પ્રેરે તેને કુરતા અગર તો ત્રાસ ગણી શકાય. તેમજ તે સ્ત્રીની કનડગત કરવામાં આવે અને જયાં આવી કનડગત તે સ્ત્રી અથવા તેના કોઈ સગા દબાણથી કોઈ મિલકત કે કિંમતી દસ્તાવેજ માટેની કોઈ પણ ગેરકાયદે માં ગણી પુરી કરે તે માટે હોય અથવા તે સ્ત્રી કે તેના સગા માંગણી સંતોષી ન શકયા હોય તવી હોય તેને પણ

કુરતા અગર તો ત્રાસ ગણી શકાય.

વધુમાં આરોપી સામે આક્ષેપાયેલ ગુના પૈકી **ભારતીય ન્યાય સંહીતાની કલમ–૩૫૨** ધ્યાને લેવામાં આવે તો તે મુજબના ગુનાનુ તહોમત સાબીત કરવા ફરિયાદ પક્ષે એવી હકીકત પુરવાર કરવી પડે કે, આરોપીના કહેવાથી/બોલવાથી અપમાનીત થનાર વ્યકિત ઉશ્કેરાઈ જઈને જાહેર સુલેહ શાંતિનો ભંગ કરશે અથવા તો કોઈ ગુનો કરી બેસશે, આ હકીકત જાણવા છતાં, તે ભોગબનનારનુ અપમાન કરી ઉશ્કેરાટનું કારણ આપે ત્યારે આ કલમ અસ્તિત્વમાં આવે છે. એટલે કે આરોપીઓએ ઈરાદાપુર્વક કોઈ વ્યકિતનું અપમાન કર્યુ હોય, તેમ કરીને આરોપી તે વ્યક્તિને ઉશ્કેરવા માંગતી હતી તેમ પુરવાર કરવુ પડે અને આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યક્તિ જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા કરી બેસશે તેવી ભોગબનનારની બનાવ પછીની પ્રતિક્રિયા હોય અને ફરીયાદપક્ષ આ હકીકત પુરવાર કરે તો આરોપીને બે વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા તે બંન્ને, તે પ્રકારની સજાની જોગવાઈ છે.

જ્યારે આરોપી સામે આક્ષેપાયેલ ગુના પૈકી **ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૧(૩)** ધ્યાને લેવામાં આવે તો, તે મુજબના ગુનાનુ તહોમત સાબીત કરવા ફરિયાદપક્ષે એવી હકીકત પુરવાર કરવી પડે કે, આરોપીએ ભોગ બનનારને મૃત્ય નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા મોતની અથવા આજીવન કેદની અથવા સાત વર્ષની મુદત સુધીની કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાની અથવા કોઈ સ્ત્રી ઉપર ચારિત્રહિનતાનુ આળ મુકવાની ગુનાહિત ધમકી આપેલી હતી. જેને કારણે ભોગ બનનાર ભયભીત બનેલા હતા અને આવી ધમકીનો અમલ થતો અટકાવવા માટે ભોગ બનનારે જે કરવા કાયદેસર બંધાયેલ ન હોય તે કાર્ય કરેલુ હોય અથવા જે

કરવાનો પોતાને કાયદેસર હકક હોય તે કામ કરેલુ નહી, તેવી હકીકત પુરવાર કરવી પડે. ગુનાહિત ધમકી કોને કહેવાય તેની જોગવાઈ **ભારતીય ન્યાય સંહીતાની કલમ –૩૫૧** માં કરવામાં આવેલ છે. જે જોગવાઈ પણ ધ્યાને લીધેલ છે.

**(૯)** આ કામે ફરીયાદપક્ષે આ સિવાય અન્ય કોઈ સાહેદોને સોગંદ ઉપર તપાસવામાં આવેલ નથી. આ કામે બચાવપક્ષે **આંક –૧૨** થી બનાવવાળી જગ્યાનુ પંચનામુ કબુલ મંજુર રાખેલ છે. પરંતુ પ્રાથમિક પુરાવો ખુદ બનાવના ભોગ બનનાર ફરીયાદી સાહેદ આ કામના આરોપીએ બનાવ વખતે તેઓની સાથે બોલાચાલી કરી અવાર નવાર મારઝુડ કરી તેમજ બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી તેઓને શારીરીક માનસીક ત્રાસ આપેલ હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન કરતાં ન હોય, ત્યારે બચાવપક્ષે કબુલ રાખેલ ઉપરોકત દસ્તાવેજી પુરાવા ફરીયાદપક્ષને આરોપી સામેનો કેસ પુરવાર કરવામાં મદદરૂપ બનતા નથી.

**(૧૦)** ઉપરોકત તમામ હકીકતે પડેલ પુરાવાને ધ્યાને લેતાં સદર કામે ફરીયાદીની જુબાની જોતાં આ કામના આરોપીને તેમની સામેનાં આક્ષેપીત ગુનામાં સાંકળી શકાય તેવો પુરાવો રેકર્ડ પર આપેલ ન હોઈ ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. વળી આ કામે પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ છે જેથી સ્વાભાવિક છે કે, તેઓ આરોપી વિરૂધ્ધનો કોઈ પુરાવો ન જ આપે. આમ, સમાધાન થયા છતા જો કાર્યવાહી આગળ ચલાવવામાં આવે તો પક્ષકારો તથા અદાલતનો સમય બગડે અને ફયુટલ એકસરસાઈઝ થાય, જેનાથી પ્રોસીકયુશનને કોઈ જ ફાયદો ન થાય. તે સંજોગોમાં સમાધાન કે જે પક્ષકારોના હીતમાં છે તે સ્વીકારી રજુ થયેલ **આંક–૧૪** થી કલોઝીંગ પુરસીસ સ્વીકારી કાર્યવાહી બંધ કરવામાં આવે અને પડેલ પુરાવા

પરથી જ આ કામનો ન્યાયિક નિર્ણય કરવામાં આવશે તો ન્યાયનો હેતુ સરશે તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે, તથા રેકર્ડ પરનો પુરાવો જોતા ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેવા તારણ ઉપર આ અદાલત આવે છે. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે "કૈલાસ ગોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ" જે એ.આઈ.આર. ૨૦૧૨, એસ.સી. પાન નંબર–૭૮૬ ના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો જોતાં તેના પેરા–૨૮માં એમ ઠરાવેલ છે કે,

> “It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 : (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 : (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."

વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે "દિગમ્બર વૈષ્ણવ વિરૂધ્ધ સ્ટેટ ઓફ છત્તીસગઢ"નો ચુકાદો કે જે (૨૦૧૯)(૪) (એસ.સી.સી.– પેજ નં.૫૨૨) માં પ્રસિધ્ધ થયેલ છે જેનાં પેરા–૧૫ તથા ૧૯ માં ઠરાવેલ છે કે....

> 15. One of the fundamental principles of criminal jurisprudence is undeniably that the burden of proof squarely rests on the prosecution and that the general burden never shifts. There can be no conviction on the basis of surmises and conjectures or suspicion howsoever grave it may be. Strong suspicion, strong coincidences and grave doubt cannot take the place of legal proof. The onus of the prosecution cannot be discharged by referring to very strong suspicion and existence of highly suspicious factors to inculpate the accused nor falsity of defence could take the place of proof which the prosecution has to establish in order to succeed, though a false plea by the defence at best, be considered as an additional circumstance, if other circumstances unfailingly point to the guilt.
>
> 19. It is also well-settled principle that in criminal cases, if two views are possible on evidence adduced in the case, one binding to the guilt of the accused and the other is to his innocence, the view which is favourable to the accused, should be adopted. This principle has a special relevance in cases wherein the guilt of the accused is sought to be established by circumstantial evidence [See Kali Ram v. State of Himachal Pradesh, (1973) 2 SCC 808].

**(૧૧)** આ કેસમાં રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં તેમજ

કેસની હકીકત, સંજોગો તથા થયેલ દલીલો ધ્યાને લેતાં ફરીયાદ હકીકત મુજબનો ગુનો બનેલ હોય તેવુ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી.તેમજ ફરીયાદપક્ષ આરોપીને ગુન્હા સાથે સાંકળતો કોઇ પ્રત્યક્ષ કે પરોક્ષ પુરાવો રેકર્ડ ઉપર રજુ કરી શકેલ નથી કે એવી કોઇ ક્રમબધ્ધ પુરાવાની અતુટ સાંકળ રચાતી નથી કે જેના કારણે આરોપીને ગુના સાથે સાંકળી શકાય. તેમજ એવો કોઇ સાંયોગિક પુરાવો પણ રેકર્ડ ઉપર રજુ થયેલ નથી કે જેથી આરોપીએ ફરીયાદ હકીકત મુજબનો ગુન્હો આચરેલ હોય તેવુ અનુમાન થઇ શકે. જેથી ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, **મુદા નં.૧** નો નિર્ણય **નકારમાં** ઠરાવી, **મુદા નં.૨** અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**::હુકમ::**

**૧)** આ કામના આરોપી **જીયામીયા યાસીનમીયા દાંણી,** હાલ રહે. પરબડા ખલવાડ, તા.હિંમતનગર,જી.સાબરકાઠાનાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૮(૧) અન્વયે **ભારતીય ન્યાય સંહીતાની કલમ- ૧૧૫(૨),૮૫,૩૫૧(૩),૩૫૨** મુજબના શિક્ષાપાત્ર ગુન્હા સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨)** મુદામાલ પાવતીમાં જણાવેલ બિનકિંમતી મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામા આવે છે.

૩) આ કામના આરોપીએ **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૧** અન્વયે રૂ.૧૫૦૦૦/-(પંદર હજાર પુરા) ના જામીન અપીલ સમય

સુધીના આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ– **૧૮**મી, માહે **જુલાઇ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી,મારી સહી કરી જાહેર કર્યો.

**સ્થળ: હિમતનગર**
**તારીખ:૧૮/૦૭/૨૦૨૬**

**(કૃષ્ણકાન્ત નરેન્દ્રકુમાર દવે)**
**બીજા એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**હિમતનગર**
**જજ કોડ:જીજે–૦૧૧૧૬**

N.B PATEL